# Restructuring of Loan Accounts

**Reference: RBI Directive DOR.STR.REC.206/21.04.048/2025-26dated November 28, 2025 on Resolution of Stressed Assets Directions, 2025 (updated as on July 1, 2026)**

**Chapter 3**

**પુનર્ગઠન (Restructuring) માટેના સાવચેતીના ધોરણો (Prudential Norms)**

**Para 15 – Viability Assessment અને Time-bound Restructuring**

**RBI શું કહે છે? "A bank shall ensure careful assessment of the viability, quick detection of weaknesses in accounts and a time-bound implementation of restructuring packages to achieve the basic objective of preservation of economic value of units through restructuring."**

બેંકે કોઈપણ લોનનું Restructuring કરતાં પહેલાં તેની **વ્યવસાયિક સધ્ધરતા (Viability)** સારી રીતે તપાસવી જોઈએ. બેંકે

- ખાતામાં નબળાઈ વહેલી તકે શોધવી જોઈએ.
- સમયસર Restructuring કરવું જોઈએ.
- માત્ર લોન બચાવવી નહીં પરંતુ **વ્યવસાય (Economic Unit)** બચાવવાનો પ્રયાસ કરવો જોઈએ. જો ધંધો બચી જશે તો લોન પણ વસૂલ થશે.

**ઉદાહરણ:** એક ટેક્સટાઈલ ફેક્ટરીનું વેચાણ બે વર્ષથી ઓછું થઈ ગયું છે. માલિક સારો છે.માર્કેટ ફરી સુધરવાની શક્યતા છે. બેંક EMI લંબાવી શકે, Moratorium આપી શકે, FITL બનાવી શકે, કારણ કે ધંધો જીવંત છે.

**Para 16 – કયા ખાતાં Restructure કરી શકાય?** RBI અનુસાર નીચેના ત્રણ પ્રકારના ખાતાં Restructure કરી શકાય. "**A bank may restructure the accounts classified under 'standard', 'sub-standard' and 'doubtful' categories."** એટલે માત્ર Standard Account જ નહીં, NPA થયેલા ઘણા ખાતાં પણ Restructure કરી શકાય.

**Para 17 – Retrospective Restructuring નહીં- "A bank shall not reschedule / restructure / renegotiate borrower accounts with retrospective effect."**

બેંક પાછલી તારીખથી Restructuring કરી શકતી નથી. **ઉદાહરણ:** Loan Restructuring Approval 15 October 2026 છે. બેંક લખી શકતી નથી કે Restructuring 1 April 2026 થી અમલમાં ગણાશે. આ RBI મુજબ ગેરકાયદેસર છે.

**Para 18 –- "In normal cases, restructuring cannot take place unless alteration / changes in the original loan agreement are made with the formal consent / application of the borrower." Borrower's Consent જરૂરી.** સામાન્ય રીતે Borrowerની લેખિત અરજી અને સંમતિ વિના Loan Agreement બદલવો નહીં. **એટલે** Restructuring માટે Borrowerની Application અને Supplementary Agreement જરૂરી છે.

**Para 19 – Notwithstanding paragraph 18 above, the process of restructuring may be initiated by a bank in deserving cases subject to customer agreeing to the terms and conditions. બેંક પણ** Restructuring ની **શરૂઆત કરી શકે.**

કેટલીક વખત Borrower અરજી કરતો નથી. પણ બેંકને લાગે કે ધંધો બચી શકે તો બેંક પોતે પણ Restructuringનો પ્રસ્તાવ મૂકી શકે. પરંતુ Borrowerએ અંતે લેખિત રીતે સ્વીકારવું પડશે.

**Para 20 – કયા તબક્કે Restructuring થઈ શકે? Restructuring of advances may take place in the following stages: (1) before commencement of commercial production / operation; (2) after commencement of commercial production / operation but before the asset has been classified as 'sub-standard'; (3) after commencement of commercial production / operation and the asset has been classified as 'sub-standard' or 'doubtful'.**

RBI ત્રણ Stage બતાવે છે. ઉદાહરણ

**Stage–1→** Commercial Production પહેલાં. ઉદાહરણ: જો કોઈ બેંકે હોટલ પ્રોજેક્ટ માટે લોન આપી છે અને હજુ હોટલ શરૂ થઈ નથી એટલે કે પ્રોજેક્ટ ડીલે થયો છે. તો Loan Restructure કરી શકાય.

**Stage–2 →** હોટલનો ધંધો શરૂ થઈ ગયો છે. પણ હજુ અકાઉંટ NPA થયું નથી. એટલેકે હોટલનું લોન એકાઉન્ટ હજુ SMA-2 Account છે. આ સૌથી યોગ્ય સમય છે.

**Stage–3 →** હોટલનો ધંધો શરૂ થઈ ગયો છે અને Loan Sub-standard અથવા Doubtful કેટેગરીમાં વર્ગીકૃત કરવામાં આવ્યું છે તો પણ આવા Account Restructure થઈ શકે.

**Para 21 – સૌથી મહત્વનો નિયમ- "A bank shall not take up an account for restructuring unless the financial viability is established and there is a reasonable certainty of repayment from the borrower, as per the terms of restructuring package."**

બેંક Restructuring ત્યારે જ કરશે જ્યારે Viability સાબિત થાય. અને Borrower Restructured Loan પાછો ચૂકવી શકે તેવી વાજબી ખાતરી હોય.

**સરળ ભાષામાં** RBI કહે છે "માત્ર NPA ઘટાડવા માટે Restructure ન કરશો."

**ઉદાહરણ:** Borrower દર વર્ષે ₹80 લાખ કમાય છે. નવી EMI ₹25 લાખ છે. તો Restructuring શક્ય છે.

બીજો Borrower દર વર્ષે માત્ર ₹5 લાખ કમાય છે. EMI ₹25 લાખ. આ Restructuring Viable નથી.

**Para 22 – Viability કેવી રીતે નક્કી કરવી? " For the purpose of paragraph 21 above, the viability shall be determined by a UCB based on the acceptable viability benchmarks determined by them, which may be applied on a case-by-case basis, depending on merits of each case. Explanation: Illustratively, the viability parameters may include the Return on Capital Employed, Debt Service Coverage Ratio, Gap between the**

**Internal Rate of Return and Cost of Funds and the amount of provision required in lieu of the diminution in the fair value of the restructured advance.”**

RBI કહે છે દરેક UCB પોતાનું Viability Benchmark નક્કી કરશે. **ઉદાહરણ-**

**(1) Return on Capital Employed (ROCE):** વ્યવસાયમાં લગાવેલી મૂડી પર કેટલો નફો થાય છે?

**(2) DSCR:** Debt Service Coverage Ratio- Borrower EMI ચૂકવી શકે?

**(3) IRR અને Cost of Funds:** Projectમાંથી મળતું Return- બેંકના Cost કરતાં વધારે છે?

**(4) Diminution in Fair Value:** Restructuring પછી બેંકને કેટલું નુકસાન થાય છે?

**Viability એટલે "આજે નહીં, પરંતુ આવતીકાલે આ ધંધો બેંકના પૈસા પરત આપી શકશે કે નહીં?"**

**Para 23 – રીસ્ટ્રક્ચરિંગ પ્રપોજલ ચાલુ છે એ બહાના હેઠળ અકાઉન્ટને એનપીએ થતા અટકાવી શકાય નહીં.**

**“The usual asset classification norms would continue to apply while a restructuring proposal is under consideration and the process of re-classification of an asset shall not stop merely because restructuring proposal is under consideration.”**

ઘણી બેંકો ભૂલ કરે છે. તેઓ વિચારે Proposal મૂક્યું એટલે NPA નહીં બને. RBI કહે છે ‘ના‘.

જો Account નિયમો મુજબ એનપીએ થતું હોય તો, **રીસ્ટ્રક્ચરિંગ પ્રપોજલ** Proposal Pending હોવા છતાં

તે NPA જ ગણાશે.

**ઉદાહરણ:** 30 June ના રોજ ખાતું નિયમો મુજબ NPA બનવું જોઈએ. Restructuring Proposal 5 July સુધી Pending છે. તો 30 June થી તે NPA જ ગણાશે.

**Para 24 – Approval Date મહત્વની “ The asset classification status as on the date of approval of the restructured package by the competent authority would be relevant to decide the asset classification status of the account after restructuring / rescheduling /renegotiation. “**

રિસ્ટ્રક્ચરિંગ માટે ની અરજીની તારીખ ના રોજ નહીં પરંતુ જે તારીખે મંજૂર થાય તે તારીખે એસેટનું ક્લાસિફિકેશન ખૂબ જ અગત્યનું છે.

**ઉદાહરણ:** Borrower ની રિસ્ટ્રકચરિંગની અરજી તારીખ 1 જૂન ના રોજ કરવામાં આવી છે પરંતુ તે અરજીને મંજૂર 20 ઓગસ્ટના દિવસે કરવામાં આવે છે જ્યારે ખાતું સબસ્ટાન્ડર્ડ થઈ ગયું છે. તો રિસ્ટ્રક્ચરિંગ પછી પણ તે ખાતું સબસ્ટાન્ડર્ડ જ રહેશે, ભલે તે અરજીના દિવસે ( 1 June) સ્ટાન્ડર્ડ અકાઉન્ટ હતું.

**Para 25 –: “In case there is undue delay in sanctioning a restructuring package and in the meantime the asset classification status of the account undergoes deterioration, it would be a matter of supervisory concern.” જો રીસ્ટ્રક્ચરિંગની અરજી મંજૂર કરવામાં વિલંબ કરશો તો, RBI પ્રશ્ન પૂછશે.**

જો બેંક મહિનાઓ સુધી Proposal Pending રાખે અને એ દરમિયાન Standard Account, NPA બની જાય તો RBI Inspection તે ગંભીર બાબત ગણશે. **સરળ ભાષામાં રિસ્ટ્રક્ચરિંગની અરજી આવે ત્યારે,** Decision ઝડપથી લો. Delay ન કરો.

**Para 26 – The accounts not considered viable shall not be restructured and the bank shall accelerate the recovery measures in respect of such accounts.**

**Non-Viable Account Restructure ન કરવું.** જો Viability નથી તો Restructure કરશો નહીં. તેના બદલે

Recovery શરૂ કરો. SARFAESI, Arbitration, Suit, OTS, Security Sale, વગેરે.

**Para 27 –Any restructuring done without looking into cash flows of the borrower and assessing the viability of the projects / activity financed by a bank shall be treated as an attempt at ever greening a weak credit facility and shall invite supervisory concerns / action.**

**Evergreening પર RBIની કડક ચેતવણી.** આ સૌથી મહત્વનો નિયમ છે. જો Cash Flow જોયા વગર Viability તપાસ્યા વગર માત્ર NPA બચાવવા Restructuring કરો તો RBI તેને **Evergreening** ગણશે. અને Supervisory Action લઈ શકે.

**Evergreening શું છે?**

જૂની લોન વસૂલ થતી નથી. નવી લોન આપી જૂની લોનનું સંપૂર્ણ અથવા આંશિક રીપેમેન્ટ કરી Regular બતાવવી. અથવા વાસ્તવિક ચુકવણી ક્ષમતા વગર માત્ર કાગળ ઉપર Restructuring કરવી. આ RBI મુજબ ગંભીર અનિયમિતતા છે. **ઉપર મુજબ ના પેરેગ્રાફ 15 થી 27 સુધીનો સારાંશ નીચે મુજબ છે.**

**મુખ્ય મુદ્દો**

| | |
|---|---|
| 15 | Viability તપાસો અને સમયસર Restructuring કરો. |
| 16 | Standard, Sub-standard અને Doubtful Accounts Restructure થઈ શકે. |
| 17 | પાછલી તારીખથી Restructuring માન્ય નથી. |
| 18 | Borrowerની લેખિત સંમતિ જરૂરી છે. |
| 19 | બેંક પહેલ કરી શકે, પરંતુ Borrowerની સ્વીકૃતિ આવશ્યક છે. |
| 20 | ત્રણેય તબક્કે Restructuring શક્ય છે. |
| 21 | Viability અને Repaymentની વાજબી ખાતરી હોવી જરૂરી છે. |

મુખ્ય મુદ્દો

22 ROCE, DSCR, IRR, Diminution in Fair Value જેવા માપદંડથી Viability નક્કી કરો.

23 Proposal Pending હોવા છતાં NPA Classification ચાલુ રહેશે.

24 Approval Date મુજબ Asset Classification નક્કી થશે.

25 Restructuringમાં અનાવશ્યક વિલંબ RBI માટે Supervisory Concern છે.

26 Non-viable Accountનું Restructuring નહીં; Recovery પર ધ્યાન આપો.

27 Cash Flow અને Viability વગરનું Restructuring એટલે Evergreening, જે RBI માટે ગંભીર બાબત છે.

## Restructuring પછી Asset Classification

**Para 28 – Standard Asset નું Restructuring: The accounts classified as 'standard assets' shall be immediately re-classified as 'sub-standard assets' upon restructuring.**

**RBI શું કહે છે?** જો કોઈ **Standard Asset** નું Restructuring કરવામાં આવે, તો તેને **તાત્કાલિક Sub-standard Asset** તરીકે વર્ગીકૃત કરવું પડશે. **સરળ ભાષામાં** ભલે લોન નિયમિત હોય, પરંતુ જો બેંકને તેની શરતો બદલવાની જરૂર પડી, તો તેનો અર્થ એ થયો કે મૂળ કરાર મુજબ લોન ચાલતી નથી. તેથી RBI તેને હવે "સ્ટાન્ડર્ડ" ગણતું નથી.

**ઉદાહરણ:** ધારો કે Borrower સમયસર EMI ચૂકવતો હતો, પરંતુ હવે તેની મુશ્કેલીને કારણે EMI ઘટાડી, સમયગાળો 5 વર્ષથી 8 વર્ષ કર્યો. આ મંજૂર થતાં જ ખાતું **Standardમાંથી Sub-standard** બની જશે. કારણ કે લોનનો હપ્તો નિયમિત ભરાતો નથી તે દર્શાવે છે કે બોરોવરને કોઈક નાણાકીય મુશ્કેલી છે તેથી તેને સબ સ્ટાન્ડર્ડ ગણવું જોઈએ.

**Para 29 – An account classified as a non-performing asset, upon restructuring, shall slip into further lower asset classification category as per extant asset classification norms with reference to the pre-restructuring repayment schedule. જો પહેલેથી NPA હોય તો? RBI શું કહે છે?**

જો Restructuring પહેલાં ખાતું NPA (Sub-standard અથવા Doubtful) હોય, તો Restructuring પછી પણ તેનું એસેટ ક્લાસિફિકેશન **મૂળ Repayment Schedule મુજબ** થવાનું ચાલુ જ રહેશે.**સરળ ભાષામાં** Restructuringથી NPA ની ઘડિયાળ ફરી શરૂ થતી નથી. **ઉદાહરણ:**

- 1 જાન્યુઆરી 2026 → ખાતું Sub-standard બન્યું.
- 1 ઑક્ટોબર 2026 → Restructuring મંજૂર થયું.

જો સામાન્ય નિયમ મુજબ 12 મહિના પછી તે Doubtful બનવાનું હોય, તો તે સમય મૂળ તારીખથી જ ગણાશે.

અટલે: **1 જાન્યુઆરી 2027 → ખાતું Doubtful બનશે**, ભલે વચ્ચે Restructuring થયું હોય. **Restructuring NPAનો ઇતિહાસ ભૂંસી નાખતું નથી.**

**Para 30 – If a restructured asset, which is a standard asset on restructuring, is subjected to restructuring on a subsequent occasion, it shall be classified as substandard.**

**Standard Accountનું બીજી વખત Restructuring. RBI શું કહે છે?** જો એક વખત Restructure કરેલું Standard Account ફરી Restructure થાય, તો તે **Sub-standard** તરીકે રહેશે. **ઉદાહરણ**

**પ્રથમ Restructuring:** 2026→ Standard. Borrower થોડો સમય નિયમિત રહ્યો. પછી ફરી મુશ્કેલી આવી. **બીજું Restructuring** 2028- ફરી Restructuring. તે **Sub-standard** જ રહેશે. વારંવાર Restructuring એ ગંભીર નાણાકીય નબળાઈ દર્શાવે છે.

**Para 31 – If the restructured asset is a sub-standard or a doubtful asset and is subjected to restructuring, on a subsequent occasion, its asset classification will be reckoned from the date when it became non-performing asset on the first occasion. Sub-standard અથવા Doubtful Accountનું ફરી Restructuring**

**RBI શું કહે છે?** જો રિસ્ટ્રક્ચર થયેલું ખાતુ જો Sub-standard અથવા Doubtful Account કેટેગરી માં હોય અને ફરી Restructure કરવામાં આવે, તો તેનું Asset Classification **પહેલી વખત NPA બનેલી તારીખથી** જ ગણાશે.

**ઉદાહરણ:** ખાતું NPA બન્યું **1 એપ્રિલ 2025.** પ્રથમ Restructuring: **1 ડિસેમ્બર 2025.** બીજું Restructuring: **1 જૂન 2027.** Asset Classification માટે RBI કઈ તારીખ લેશે? **1 એપ્રિલ 2025. બીજા** Restructuringથી એનપીએ ગણવાની તારીખની નવી ગણતરી શરૂ નહીં થાય.

**Para 32 – However, such advances restructured on second or more occasion shall be allowed to be upgraded to standard category after the specified period in terms of the current restructuring package, subject to satisfactory performance. શું ફરી Standard બની શકે?**

**RBI શું કહે છે?** હા. જો Borrower નવા Restructuring Package મુજબ **Specified Period** સુધી સંતોષકારક કામગીરી કરે, તો ખાતું ફરી **Standard Asset** બની શકે. **સરળ ભાષામાં**, સારી કામગીરી માટે RBI બીજી તક આપે છે. **ઉદાહરણ:** Restructuring મંજૂર: 1 જાન્યુઆરી 2026→ Specified Period: 12 મહિના. જો Borrowerએ તમામ EMI સમયસર ચૂકવી આપે. તો 1 જાન્યુઆરી 2027 પછી ખાતું ફરી Standard બની શકે (RBIના અન્ય લાગુ પડતા નિયમો મુજબ). Restructuring પછી ખાતું તરત Standard નહીં બને. **સૌપ્રથમ સારી કામગીરી સાબિત કરવી પડશે.**

**Para 33 – A bank shall classify Funded Interest Term Loan' (FITL) created by conversion of unpaid interest in the same asset classification category in which the restructured advance has been classified. Further**

**movement in the asset classification of FITL would also be determined based on the subsequent asset classification of the restructured advance. FITLનું Asset Classification**

**RBI શું કહે છે?** જો બાકી રહેલું વ્યાજ ટર્મ લોન તરીકે (Funded Interest Term Loan માં) ફેરવવામાં આવે, તો FITLનું Asset Classification **મૂળ Restructured Advance જેવું જ રહેશે.** અને પછી બંનેનું Classification સાથે બદલાશે. **ઉદાહરણ**

મૂળ Loan: ₹1 કરોડ, બાકી Interest: ₹8 લાખ તેને Funded Interest Term Loan માં ફેરવ્યું. Restructured Loanનું Classification: Sub-standard, તો FITL પણ **Sub-standard** રહેશે. જો પછી મુખ્ય લોન Doubtful બને, તો FITL પણ Doubtful બનશે. **મહત્વપૂર્ણ વાત**-FITLને અલગ Standard ગણાવી શકાય નહીં.

**સારાંશ (Quick Reference Table)**

| Para | RBIનો નિયમ | સરળ અર્થ |
|---|---|---|
| 28 | Standard Account Restructure થાય તો તરત Sub-standard | Restructuring પછી Standard Status રહેતું નથી. |
| 29 | NPAનું Restructuring થાય તો Classification મૂળ NPA તારીખ મુજબ આગળ વધશે | Restructuringથી NPAનો ઇતિહાસ બદલાતો નથી. |
| 30 | Standard Accountનું બીજી વખત Restructuring થાય તો Sub-standard | વારંવાર Restructuring નબળાઈ દર્શાવે છે. |
| 31 | Sub-standard/Doubtful Accountનું ફરી Restructuring થાય તો પ્રથમ NPA તારીખથી Classification ગણાશે | બીજી Restructuring નવી શરૂઆત નથી. |
| 32 | Specified Period સુધી સારી કામગીરી બાદ ફરી Standard બની શકે | નિયમિત ચુકવણી જરૂરી છે. |
| 33 | FITLનું Classification મુખ્ય Restructured Loan જેવું જ રહેશે | FITLને અલગ Standard ગણાવી શકાય નહીં. |

**Practical Case Study**

**Case**

- **Loan Amount:** ₹1,00,00,000
- **Account became NPA (Sub-standard):** 01-04-2025
- **First Restructuring:** 01-10-2025
- **FITL Created:** ₹7,50,000

- **Second Restructuring:** 01-08-2026

**RBI મુજબ પરિણામ**

- મૂળ લોનનું Asset Classification પ્રથમ NPA તારીખ (01-04-2026) પરથી જ આગળ વધશે.
- FITLનું Classification પણ મુખ્ય લોન જેવું જ રહેશે.
- બીજી Restructuringથી NPAનો સમયગાળો ફરી શરૂ નહીં થાય.
- જો Borrower નવી Restructuring Package મુજબ Specified Period સુધી સંપૂર્ણપણે નિયમિત રહે, તો જ RBIના લાગુ પડતા નિયમો મુજબ ખાતું ફરી Standard Categoryમાં અપગ્રેડ થઈ શકે.

## Chapter III

## Special Regulatory Treatment (SRT) for Asset Classification

આ **RBI Directions ના સૌથી મહત્વપૂર્ણ અને સૌથી વધુ ગેરસમજ પેદા કરનારા પ્રકરણોમાંનું એક છે.**

અધિકારીઓને લાગે છે કે Restructuring એટલે હંમેશા **Standard Asset રિસ્ટ્રક્ચર કરીને સ્ટાન્ડર્ડ એકાઉન્ટ તરીકે રાખી શકાય**, પરંતુ એવું નથી. RBIએ માત્ર **ચોક્કસ શરતો પૂર્ણ થાય ત્યારે જ "Special Regulatory Treatment (SRT)"** આપવાની છૂટ આપી છે.

**Para 34 – Special Regulatory Treatment શું છે?**

**RBI શું કહે છે?**

કેટલાક મહત્વપૂર્ણ ઉદ્યોગો અને વ્યવસાયોને બચાવવા માટે RBI બેંકોને ખાસ રાહત (Special Regulatory Treatment) આપે છે.

આ રાહતનો અર્થ એ છે કે:

- Restructuring કર્યા પછી પણ કેટલીક શરતો હેઠળ Asset Classification ખરાબ નહીં થાય.
- એટલે Standard Accountને તરત Sub-standard કરવું પડે નહીં અથવા NPAનું Classification આગળ ખરાબ ન થાય.

પરંતુ આ રાહત દરેક Borrower માટે ઉપલબ્ધ નથી.

**કયા Borrowersને આ રાહત મળશે?**

માત્ર એવા Borrowersને કે જેઓ:

- ઉત્પાદન (Manufacturing)

- સેવા (Service Industry)
- MSME
- ઉદ્યોગ
- Infrastructure
- અન્ય મહત્વપૂર્ણ વ્યવસાયિક પ્રવૃત્તિ સાથે જોડાયેલા હોય અને RBIની તમામ શરતો પૂરી કરતા હોય.

**કયા Borrowersને આ રાહત મળશે નહીં?**

**(1) Consumer & Personal Loans**

જેમ કે

- Personal Loan
- Consumer Loan
- Car Loan
- Education Loan
- Share સામે Loan
- Bond સામે Loan
- Debenture સામે Loan

આને SRT મળશે નહીં.

**(2) Traders**

માત્ર વેપાર કરતા વેપારીઓને પણ આ ખાસ રાહત મળશે નહીં.

**મહત્વપૂર્ણ અપવાદ**

**Housing Loan જો Restructure કરવામાં આવે તો તેને આ Special Regulatory Treatment મળી શકે.**

**Para 35:** **The asset classification of the above two categories of accounts as well as that of other accounts which do not comply with the conditions enumerated in paragraphs 37 and 38, will be governed by the prudential norms in this regard described in paragraphs 28 to 33.**

**RBI શું કહે છે?** જો Borrower Special Regulatory Treatment માટે પાત્ર નથી અથવા Para 37 અને 38ની શરતો પૂરી કરતો નથી તો સામાન્ય નિયમ લાગુ પડશે. એટલે Para 28 થી 33 મુજબ Standard → Sub-standard અને NPAનું Classification આગળ વધતું રહેશે.

**Para 36:** **The special regulatory treatment has the following two components: (1) (2) Incentive for quick implementation of the restructuring package. Retention of the asset classification of the restructured account in the pre restructuring asset classification category**

Special Regulatory Treatmentમાં બે લાભ છે.

લાભ નં. **1: Quick Implementation Incentive →** જો બેંક ઝડપથી Restructuring અમલમાં મૂકે તો RBI Reward આપે છે.

લાભ નં. **2: Asset Classification** બચાવી શકાય → જો તમામ શરતો પૂર્ણ થાય તો Standard Account Standard જ રહી શકે.

આ સૌથી મોટો લાભ છે.

**Para 37:** **As an incentive for quick implementation of restructuring package, if the approved package is implemented by the bank within 90 days from the date of receipt of application by the bank, the asset classification status may be restored to the position which existed when the restructuring application was received by the bank.**

આ સૌથી મહત્વનો નિયમ છે. **RBI શું કહે છે?**

જો Borrower Application મળ્યાની તારીખથી 90 દિવસની અંદર બેંક Restructuring મંજૂર કરીને અમલમાં મૂકે તો Asset Classification Application મળ્યાના દિવસે જે એસેટ ક્લાસિફિકેશન હતું તે પાછું Restore કરી શકાય.

**ઉદાહરણ:** Borrower Application dated 1 જાન્યુઆરી છે. તે દિવસે Account Standard હતું. રિસ્ટ્રક્ચરિંગની પ્રપોઝલ 15 ફેબ્રુઆરી ના રોજ મંજૂર થઈ અને 20 માર્ચ ના રોજ ઇમ્પ્લિમેન્ટ કરવામાં આવી છે એટલે કે માત્ર 78 દિવસ માં મજૂરી અને અપ્રૂવલ થઈ ગઈ છે તો એકાઉન્ટ સ્ટાન્ડર્ડ રહી શકે. પરંતુ જો તેનું ઈમ્પ્લિમેન્ટેશન 15 મે ના દિવસે કરવામાં આવે તો કુલ 135 દિવસ પુરા થઇ જાય છે તેથી ઉપરોક્ત લાભ નહીં મળે.

90 દિવસ એટલે Application મળ્યાથી Implementation સુધી.માત્ર Approval નહીં.

**Para 38:** **An existing standard asset shall not be downgraded to the sub-standard category upon restructuring and the asset classification of the sub-standard/doubtful accounts shall not deteriorate upon restructuring, subject to compliance with the following conditions:**

**(1)** **The dues to the bank are 'fully secured' Provided that the above requirement shall not be applicable in the following cases:**

**(i)** **Small Scale Industries (SSI) borrowers, where the outstanding is up to ₹25 lakh.**

**(ii)** **infrastructure projects, provided the cash flows generated from these projects are adequate for repayment of the advance, the financing UCB have in place an appropriate mechanism to escrow the cash flows, and also have a clear and legal first claim on these cash flows.**

**(iii) working capital term loans created by conversion of the irregular portion of principal dues over the drawing power, subject to the condition that provisions are made against the unsecured portion as per paragraph 45.**

**(2) The unit becomes viable in ten years, if it is engaged in infrastructure activities, and in seven years in the case of other units.**

**(3) The repayment period of the restructured advance including the moratorium, if any, does not exceed fifteen years in the case of infrastructure advances and ten years in the case of other advances.**

**(4) The Board of Directors of the bank shall prescribe the maximum period not exceeding fifteen years for restructured advances keeping in view the safety and soundness of advances.**

**(5) Promoters' sacrifice and additional funds brought by them should be a minimum of 15 per cent of bank's sacrifice.**

**(6) Personal guarantee is offered by the promoter except when the unit is affected by external factors pertaining to the economy and industry.**

**(7) The restructuring under consideration is not a repeated restructuring.**

આ Paragraph સૌથી અગત્યનો છે. Special Regulatory Treatment મેળવવા નીચેની તમામ શરતો પૂર્ણ થવી જોઈએ.

**Condition 1**

**Loan Fully Secured હોવી જોઈએ.** એટલે Collateral સિક્યોરિટીની કિંમત બેંક માં લોનની આઉટ સ્ટેન્ડિંગ રકમ કરતાં ઓછી ન હોવી જોઈએ. **Exceptions:**

**(i) SSI:** જો Outstanding ₹25 લાખ સુધી હોય તો Fully Secured હોવું ફરજિયાત નથી.

**(ii) Infrastructure Projects:** જો Escrow Account હોય અને બેંકનો Cash Flow ઉપર First Charge હોય તો Fully Secured ન હોવા છતાં ચાલશે.

**(iii) WCTL:** જો Drawing Power કરતાં વધારાનો ભાગ WCTLમાં ફેરવ્યો હોય તો Unsecured Portion ઉપર Provision કરવી પડશે.

**Condition 2**

**Viability Period:** Infrastructure Project 10 વર્ષમાં Viable થવો જોઈએ. બીજા બધા Borrowers 7 વર્ષમાં Viable થવા જોઈએ.

**Condition 3**

Repayment Period Moratorium સહિત→ Infrastructure Project 15 વર્ષથી વધુ નહીં. બીજા બધા Borrowers 10 વર્ષથી વધુ નહીં.

**ઉદાહરણ:** Housing Project -Restructuring Repayment 14 વર્ષ ચાલશે.

Textile Unit- Repayment 12 વર્ષ ચાલશે નહીં.

**Condition 4**

Board Policy- keeping in view the safety and soundness of advances બેંક Board પોતે restructured advances માટે Maximum Repayment Period નક્કી કરશે. પણ તે 15 વર્ષથી વધુ નહીં.

**Condition 5:** Promoter's Sacrifice આ ખૂબ મહત્વનો નિયમ છે. જો Bank ₹100 લાખનો Sacrifice કરે તો Promoterએ ઓછામાં ઓછું 15% એટલે ₹15 લાખ પોતાના ખિસ્સામાંથી મૂકવા પડશે.

માલિક પોતે કંઈ Sacrifice કરવા માટે તૈયાર નથી અને બેંક બધું માફ કરે તો RBI મંજૂર નહીં કરે.

**Condition 6**

Personal Guarantee: Promoterએ Personal Guarantee આપવી પડશે.

**Exception:** જો મુશ્કેલી COVID મંદી સરકારી નીતિ પૂર ભૂકંપવગેરે જેવી બાહ્ય પરિસ્થિતિથી આવી હોય તો Personal Guaranteeમાં છૂટ મળી શકે.

**Condition 7**

Repeated Restructuring નહીં વારંવાર Restructuring કરેલી Loan ને Special Regulatory Treatment નહીં મળે.

**સમગ્ર પ્રકરણનો સાર**

| Para | RBI શું કહે છે? | સરળ અર્થ |
|---|---|---|
| 34 | કેટલાક મહત્વપૂર્ણ વ્યવસાયોને Special Regulatory Treatment મળી શકે | દરેક Borrowerને નહીં |
| 35 | શરતો પૂરી ન થાય તો સામાન્ય Asset Classification નિયમ લાગુ પડશે | Para 28–33 મુજબ |
| 36 | SRTના બે લાભ – ઝડપી અમલ અને Asset Classification જાળવી રાખવાની છૂટ | સમયસર કાર્યવાહીને પ્રોત્સાહન |
| 37 | અરજી મળ્યાથી 90 દિવસમાં અમલ થાય તો જૂની Asset Classification પુનઃસ્થાપિત થઈ શકે | ઝડપથી Restructuring કરવી જરૂરી |
| 38(1) | લોન સામાન્ય રીતે Fully Secured હોવી જોઈએ (કેટલાક અપવાદ સાથે) | સુરક્ષા મહત્વપૂર્ણ |

| Para | RBI શું કહે છે? | સરળ અર્થ |
|---|---|---|
| 38(2) | Viability: Infrastructure – 10 વર્ષ, અન્ય – 7 વર્ષ | વ્યવસાય પુનર્જીવિત થવો જોઈએ |
| 38(3) | Repayment Period: Infrastructure – 15 વર્ષ, અન્ય – 10 વર્ષ | લાંબી અવધિ પર મર્યાદા |
| 38(4) | Board મહત્તમ Repayment Period નક્કી કરશે | Boardની જવાબદારી |
| 38(5) | Promoterએ Bankના Sacrificeના ઓછામાં ઓછા 15% જેટલું યોગદાન આપવું | માલિકની ભાગીદારી જરૂરી |
| 38(6) | સામાન્ય રીતે Promoterની Personal Guarantee જરૂરી | બાહ્ય પરિસ્થિતિઓમાં અપવાદ શક્ય |
| 38(7) | Repeated Restructuringને SRT નહીં મળે | વારંવાર રાહત નહીં |

**Special Regulatory Treatment કોઈ આપોઆપ મળતી રાહત નથી.** તે માત્ર ત્યારે જ ઉપલબ્ધ બને છે જ્યારે:

- વ્યવસાય વાસ્તવમાં **Viable** હોય,
- બેંક **90 દિવસમાં Restructuring અમલમાં મૂકે**,
- લોન પૂરતી સુરક્ષિત હોય અથવા RBIના અપવાદ લાગુ પડતા હોય,
- Promoter પોતાનો નાણાકીય ફાળો આપે,

અને Restructuringનો ઉપયોગ **Evergreening** માટે નહીં પરંતુ **વાસ્તવિક પુનર્જીવન (Revival)** માટે કરવામાં આવ્યો હોય.

**D. Additional Finance**

1. **Restructuring દરમિયાન આપવામાં આવેલ Additional Financeનું Asset Classification શું રહેશે?**
2. **Restructured NPA ફરી Standard ક્યારે બની શકે?**

**Para 39 – Additional Financeનું Asset Classification**

**RBI શું કહે છે? "Any additional finance sanctioned by a bank may be treated as 'standard asset', up to a period of one year after the first interest / principal payment, whichever is earlier, falls due under the approved restructuring package."**

ઘણી વખત માત્ર Restructuring પૂરતું હોતું નથી. ધંધાને ફરી ઉભો કરવા માટે બેંકને વધારાની લોન (Additional Finance) આપવી પડે છે. RBI કહે છે કે આવી **Additional Financeને Standard Asset** તરીકે રાખી શકાય છે, પરંતુ એક શરત છે. આ સ્ટાન્ડર્ડ સ્ટેટસ **માત્ર ત્યાં સુધી રહેશે જ્યાં સુધી Restructuring Package** હેઠળ **પ્રથમ Principal અથવા Interest (whichever is earlier)ની ચુકવણીની તારીખથી એક વર્ષ પૂર્ણ ન થાય**.

**સરળ ભાષામાં,** જો બેંક ધંધો બચાવવા માટે નવી/**Additional** લોન આપે તો RBI તેને શરૂઆતમાં **Standard Asset** તરીકે રાખવાની છૂટ આપે છે.

RBI નવી લોનને પ્રોત્સાહન આપે છે, કારણ કે ઘણી વખત વધારાની મૂડી વિના ધંધો ફરી શરૂ થઈ શકતો નથી.

**Para 40 – If the restructured asset does not qualify for upgradation at the end of the one-year period specified in paragraph 39, a bank shall place the additional finance in the same asset classification category as the restructured debt.**

**એક વર્ષ પછી શું? RBI શું કહે છે?** જો એક વર્ષ પછી પણ Restructured Account Standard બનવા લાયક નથી,

તો Additional Finance પણ મૂળ Restructured Loan જે Categoryમાં હોય તે જ Categoryમાં મૂકી દેવું. Additional Financeને હંમેશા અલગ Standard રાખી શકાય નહીં. તે આખરે મુખ્ય Restructured Account સાથે જોડાઈ જાય છે.

**E. Asset Classification Upgrade: Restructured NPA ફરી Standard ક્યારે બને?**

**Para 41 – A restructured account which has been classified as non-performing asset upon restructuring by a bank, would be eligible for upgradation to the 'standard' category after observation of 'satisfactory performance' during the 'specified period'.**

આ ખૂબ મહત્વનો નિયમ છે. **RBI શું કહે છે?** જો Restructured Account Restructuring સમયે NPA હતું, તો તે **ફરી** Standard બની શકે. પરંતુ બે શરતો છે.

**શરત નં. 1→** Specified Period પૂર્ણ થવો જોઈએ.

**શરત નં. 2→** આ સમગ્ર સમયગાળા દરમિયાન Borrowerએ **Satisfactory Performance** બતાવવું જોઈએ.

**Satisfactory Performance એટલે શું?**

સરળ ભાષામાં બધાજ EMIસમયસર ચૂકવ્યા હોય, Interest સમયસર ભરાયૂ હોય, કોઈ Overdue ન થયું હોય, Packageની શરતોનું પાલન થયું હોય અને ફરી Default ન થયો હોય

ઉદાહરણ

Restructuring→ 1 જાન્યુઆરી 2026 →Specified Period →12 મહિના- Borrower દરેક EMI સમયસર ભરે. તો

1 જાન્યુઆરી 2027 પછી Account ફરી Standard બની શકે.

Restructuring એટલે તુરંત જ સ્ટાન્ડર્ડ કેટેગરીમાં ખાતું ન મુકાય. RBI કહે છે- **પહેલા** પેસીફાઈડ પિરિયડ સુધી **Performance** બતાવો. પછી Account ફરી Standard બની શકે.

**Para 42 –** **If satisfactory performance during the specified period is not evidenced, the asset classification of the restructured account, including an account eligible for special regulatory treatment in terms of paragraphs 34 to 38, would be governed as per the applicable prudential norms with reference to the pre-restructuring payment schedule.**

**જો Performance સારું ન હોય તો? RBI શું કહે છે?** જો Specified Period દરમિયાન Borrower નિયમિત ન રહે, તો Restructured Account ફરી સામાન્ય Prudential Norms મુજબ Classify થશે. અને Classification મૂળ Repayment Schedule પ્રમાણે જ થશે. **ઉદાહરણ:** Borrowerએ એક વર્ષ સારી કામગીરી બતાવવી હતી. પણ ચાર EMI બાકી રહી ગયા. તો Standard નહીં બને. Account ફરી મૂળ NPA નિયમ મુજબ ચાલશે.

**મહત્વપૂર્ણ વાત:** આ નિયમ Special Regulatory Treatmentવાળા Account પર પણ લાગુ પડે છે. એટલે માત્ર Special Treatment મળવાથી Standard બનવાની ગેરંટી નથી.

**Practical Example: Loan Outstanding:** ₹2 કરોડ, **Additional Finance:** ₹25 લાખ ,**Restructuring:** 01-04-2026

**First EMI:** 01-10-2026, **Specified Period:** 12 મહિના, **Scenario–1 (સારી કામગીરી)**

Borrower સમયસર EMI ભરે, કોઈ Default નહીં, Cash Flow સુધરે **પરિણામ**

- Additional Finance શરૂઆતમાં Standard.
- એક વર્ષ પછી મુખ્ય લોન પણ Standard.
- Additional Finance પણ Standard.

**Scenario–2 (નબળી કામગીરી)**

Borrower EMI ચૂકવતો નથી. Cash Flow ખરાબ. ફરી Overdue. **પરિણામ**

- મુખ્ય લોન Sub-standard જ રહેશે.
- Additional Finance પણ Sub-standard બની જશે.

**સમગ્ર પ્રકરણનો સાર**

| Para | RBIનો નિયમ | સરળ અર્થ |
|---|---|---|
| 39 | Additional Financeને શરૂઆતમાં Standard Asset રાખી શકાય | ધંધો બચાવવા નવી લોનને પ્રોત્સાહન |
| 40 | એક વર્ષ પછી જો મુખ્ય ખાતું Standard ન બને તો Additional Finance પણ તેની સાથે જ તે જ Categoryમાં જશે | નવી લોનને કાયમી અલગ દરજ્જો નહીં મળે |
| 41 | Restructured NPA સારી કામગીરી (Satisfactory Performance) અને Specified Period પૂર્ણ થયા પછી Standard બની શકે | નિયમિત ચુકવણી ફરજિયાત |
| 42 | જો સારી કામગીરી ન હોય તો Asset Classification ફરી સામાન્ય RBI Prudential Norms મુજબ થશે | Special Regulatory Treatment હોવા છતાં કામગીરી જરૂરી |

**Restructuring કોઈ "માફી યોજના" નથી, પરંતુ "પુનર્જીવન યોજના" છે.** RBI બેંકને નવી મૂડી (Additional Finance) આપવાની છૂટ આપે છે અને સારી કામગીરી બદલ Standard Assetનો દરજ્જો પાછો મેળવવાની તક પણ આપે છે. પરંતુ આ તક માત્ર ત્યારે જ મળે છે જ્યારે Borrower નવી શરતોનું સંપૂર્ણ પાલન કરે અને નિર્ધારિત સમયગાળા દરમિયાન સંતોષકારક કામગીરી દર્શાવે. જો એવું ન થાય, તો Asset Classification ફરી સામાન્ય IRACP નિયમો અનુસાર નક્કી કરવામાં આવશે.

## Provisioning post Restructuring

This concept confuses even many experienced bankers and auditors. The easiest way to understand it is to forget the RBI formula initially and think like a businessman.

**Para. 43- An account that has been restructured shall attract provisioning as per the asset classification**

**Para. 44- A bank shall make provisions for diminution in the fair value of restructured advances**

**category Step 1: What is "Economic Value" of a Loan? And diminution in the fair value?**

Suppose your bank gives a loan of ₹100 lakh at 12%.

The value of that loan is not merely ₹100 lakh.

The value comes from:

1. Recovery of principal ₹100 lakh
2. Future interest income

If you later reduce interest or extend repayment period, the bank loses some future income.

That loss is called: **Diminution in Fair Value (DFV)** or **Economic Sacrifice by the Bank**.

**Example 1 – Interest Rate Reduction**

**Original Loan:** Principal : ₹100 lakh @Interest : 12% for Tenor : 5 years. Expected annual interest: ₹12 lakh

For 5 years is ₹60 lakh. Total expected receipts:₹160 lakh

**After Restructuring:** Bank reduces interest to 8%. Now expected interest: ₹8 lakh × 5 years = ₹40 lakh

Total receipts: ₹140 lakh

**Bank's Sacrifice:** Old receipts = ₹160 lakh, New receipts = ₹140 lakh, Loss = ₹20 lakh

This ₹20 lakh represents diminution in value. (Actual RBI calculation uses present value, so figure will differ slightly.)

**Example 2 – Moratorium**

**Original Terms:** Loan : ₹100 lakh, Repayment starts immediately.

**Restructured Terms:** Moratorium:2 years, Borrower pays nothing for 2 years. **Why loss arises?**

Because: ₹100 today is worth more than ₹100 received after 2 years. Bank is waiting longer. Therefore economic value falls, Even if interest rate remains unchanged.

**Example 3 – Extension of Tenor**

**Original Loan:** ₹100 lakh, Repayable in 5 years. **Restructured Loan-** Repayable in 10 years. Same interest rate.

**Why diminution?** Bank receives money much later. Longer waiting period reduces present value. Therefore fair value declines.

**Example 4 – Combination of Concessions**

Most restructuring packages contain: ✓ Reduced interest, ✓ Moratorium, ✓ Extended repayment

All three reduce economic value. Hence larger diminution provision.

**Why RBI wants separate provision?**

Suppose: Loan outstanding = ₹100 lakh, Account classified as Standard. Bank reduces rate from 12% to 7%.

Technically account may still be Standard. But bank has sacrificed future earnings. Therefore RBI says:

Make additional provision for that sacrifice also. This is separate from NPA provision.

**Present Value Concept (Very Simple)**

Assume: You have two options:

**Option A→** Receive ₹100 today.

**Option B→** Receive ₹100 after 5 years.

Which is better? Obviously Option A.

Therefore: ₹100 after 5 years is worth less than ₹100 today. This reduced value is called Present Value.

RBI compares: **Before Restructuring-** Present value of original cash flows VERSUS **After Restructuring** Present value of revised cash flows. Difference = Diminution in Fair Value

**Simplified Numerical Example**

Assume: Loan outstanding = ₹100 lakh

**Before Restructuring→** Present value of future receipts = ₹100 lakh

**After Restructuring→** Due to interest reduction, moratorium, longer repayment, Present value becomes:

₹92 lakh, Then Diminution in Fair Value = ₹100 lakh − ₹92 lakh = ₹8 lakh. Provision required = ₹8 lakh

**RBI's Alternative for Small Accounts (< ₹1 Crore)**

RBI understands that small UCBs cannot perform complicated discounted cash flow calculations.

Therefore Paragraph 44(8) allows:

**Instead of calculating exact diminution, bank may provide 5% of total exposure.**

**Example**

Outstanding = ₹80 lakh, Restructured account, Provision: 5% × ₹80 lakh = ₹4 lakh. No complex present value calculations needed.

**Practical Example for UCB**

Suppose: A textile unit owes ₹90 lakh. Original terms: 12% interest and 5 years repayment Due to stress:

Bank restructures as: 8% interest, 1 year moratorium, 8 years repayment

Questions:

**Has bank suffered economic sacrifice?** Yes.

**Has bank given concession?** Yes.

**Will fair value fall?** Yes.

**Must bank make diminution provision?** Yes.

**Can bank simply ignore it because account is Standard?** No.

RBI specifically requires separate provisioning.

**A simple memory trick**

**NPA Provision** = Loss due to deterioration in borrower's credit quality.

**Diminution Provision** = Loss due to concessions given by the bank.

Both are different and RBI requires both wherever applicable